# કિસઃ એક સ્પર્શ જેમાં મિલનની મીઠાશ અને વિદાયની વ્યથા છુપાયેલી છે

ફાયરવોલ
રાજ ગોસ્વામી

માણસોને જ્યારે પ્રેમ જાહેર કરવો હોય, ત્યારે તેની અલગ અલગ અભિવ્યક્તિઓ હોય છે. તેમાંથી એક છે કિસ. કિસનો સંબંધ ગહેરી આત્મીયતા સાથે છે, અને તે રોમેન્ટિક જ હોય તે જરૂરી નથી. માણસો અલગ-અલગ સંબંધોમાં અલગ-અલગ રીતે કિસ કરે છે. પતિ-પત્નીની કિસ, મા-દીકરાની કિસથી અલગ હોય છે. બે મિત્રોની કિસ બે ભાઈઓની કિસ કરતાં જુદી હોય છે. ગાલ પરની કિસ હાથ પરની કિસ કરતાં ભિન્ન છે. ગુરુ એના શિષ્યના કપાળ પર કિસ કરે છે. શિષ્ય ગુરુના પગને કિસ કરે છે. માફિયા જગતમાં હાથ પર કિસ કરવાનો રિવાજ છે.

પરંતુ સવાલ એ છે કે માણસો જ કેમ કિસ કરે છે? કિસ જો ભાવનાત્મક સ્વાસ્થ્ય માટે ઉપયોગી હોય (વિજ્ઞાન કહે છે કે કિસમાં 8 કરોડ બેક્ટેરિયાનું આદાન-પ્રદાન થાય છે), તો જાનવરોની દુનિયામાં આ પ્રવૃત્તિ કેમ દુર્લભ છે?



ઑક્સફર્ડ યુનિવર્સિટીના એક નવા અભ્યાસમાં એ મીથને તોડવામાં આવી છે કે કિસ કેવળ મનુષ્યની જ ‘કળા’ છે. સંશોધન અનુસાર, મનુષ્ય અને મોટા વાનરોના તેમના જેવા પૂર્વજોમાં આશરે 2 કરોડ વર્ષ પહેલાં કિસ કરવાની આદત વિકસિત થઈ હતી. એટલે જે હરકતને આજે આપણે ભાવના અને ઘનિષ્ઠતાની પ્રતિક માનીએ છીએ, તે વાસ્તવમાં આપણા અતિ પ્રાચીન અતીતનો હિસ્સો છે.

અભ્યાસમાં એ પણ માનવામાં આવ્યું છે કે મનુષ્ય (હોમો સેપિયન્સ)ની પાડોશી કહેવાતી અને હવે લુપ્ત થઈ ગયેલી નિયેન્ડરથલ પ્રજાતિ કિસ કરતી હતી અને સંભવતઃ તેમણે મનુષ્યો સાથે પણ એ જ રીતે પ્રેમ વ્યક્ત કર્યો હશે.

અભ્યાસનાં પરિણામો દર્શાવે છે કે 21.5 થી 16.9 કરોડ વર્ષ પહેલાં મોટા વાનરોના પૂર્વજોમાં કિસ જેવી વર્તણૂક મોજુદ હતી. સમય સાથે ઘણી બાબતો બદલાઈ, પરંતુ આ આદત જાળવાઈ રહી. આજે પણ ચિમ્પાંઝી, બોનોબો અને ઓરાંગૂટાન જેવા મોટા વાનરો એકબીજાને કિસ કરતા દેખાય છે. ઓક્સફર્ડની વૈજ્ઞાનિક ડૉ. મેટિલ્ડા બ્રિન્ડલ કહે છે, ‘કિસને આટલા મોટા દષ્ટિકોણથી સમજવાનો આ પહેલો પ્રયાસ છે.’

કિસનો સૌથી પ્રાચીન સંદર્ભ મહાભારતમાં હોવાની માન્યતા છે પરંતુ એમ. કે. અગ્રવાલ એમના અભ્યાસગ્રંથ ‘ધ વૈદિક કોર ઓફ હ્યુમન હિસ્ટ્રી’માં લખે છે કે કિસનો સૌ પ્રથમ પ્રાચીન સંદર્ભ સંસ્કૃત સાહિત્યમાં છે, એ પછી મહાભારત અને કામસૂત્રમાં એનો ઉલ્લેખ છે. કિસિંગને ગ્રીક લોકો ભારતની બહાર લઈ ગયા અને શૃંગારિક કિસને ઈટાલિયન લોકોએ પ્રચલિત બનાવી.

ફ્રેન્ચ સંસ્કૃતિમાં 20 પ્રકારની કિસ છે. જર્મનો 30 પ્રકારે ચુંબન કરી શકે છે. કામસૂત્રમાં 16 પ્રકારની કિસનાં વર્ણન છે. વૈદિક શાસ્ત્રોમાં ‘કિસ’ અથવા ચુંબન શબ્દ નથી. એના સ્થાને ‘સ્પર્શ’ અને ‘ગંધ’ શબ્દો વપરાયા છે. જગતમાં 90 પ્રતિશત લોકો કિસ કરે છે. પરંતુ 10 પ્રતિશત સંસ્કૃતિ એવીયે છે જ્યાં કિસ કરવી વર્જિત છે.

અભ્યાસકર્તાઓને કિસ અજીબ લાગે છે. એ શ્વાસોશ્વાસની જેમ એટલી સહજ ક્રિયા છે કે વિજ્ઞાન એનો ડેટા એકઠા કરવાનું ભૂલી ગયું છે અથવા એમાં એટલી વિભિન્નતા છે કે વિજ્ઞાનને એમાં કોઈ ચોક્કસ નિયમ શોધવામાં તકલીફ પડે છે. 17મી સદીના જર્મન અભ્યાસુ માર્ટિન વોન કેમ્પેએ 1000 પાનાનો કિસિંગ એનસાયક્લોપીડિયા લખ્યો છે. જેમાં એણે કિસિંગના 20 પ્રકારને અધિકૃત ઠેરવ્યા છે.

‘ધ એક્સપ્રેશન ઓફ ધ ઈમોશન ઈન મેન એન્ડ એનિમલ’ નામના પુસ્તકમાં ચાર્લ્સ ડાર્વિન લખે છે કે જગતના ઘણા ભાગોમાં નાકથી નાકનો સ્પર્શ કરીને કિસ કરવામાં આવે છે. ઉત્તર ધ્રુવના આર્કટિક પ્રદેશમાં ખોજકર્તાએ ઓસ્કીમોમાં આ વૃત્તિ જોયેલી એટલે એને ‘ઓસ્કીમો કિસ’ કહેવાય છે.

જેની લોકપ્રિયતા અપાર અને અમાપ છે તે હોઠ સે હોઠ મીલે કિસને ‘ફ્રેન્ચ કિસ’ કહેવાય છે. 20મી સદીની શરૂઆતમાં જગતમાં ફ્રેન્ચ લોકો એમની સેક્સ અભિવ્યક્તિમાં સાહસી અને ખુલ્લા હતા. એમાંથી તસતસતા ચુંબઈને ‘ફ્રેન્ચ કિસ’ નામ મળેલું. ફ્રેન્ચ લોકોની એક કિસનું નામ ‘હોટ એર’ (ગર્મ હવા) છે. જેમાં સ્ત્રીના કાન નીચેના ઈરોજીનસ (કામોત્તેજક) ભાગ પર ચુંબન કરતી વખતે એના કાનમાં હલકો હલકો શ્વાસ છોડવાનો!

‘એવરીથિંગ યુ એવર વોન્ટેડ ટુ નો અબાઉટ’ નામના પુસ્તકમાં અમેરિકન કિસ એક્સપર્ટ એન્ડ્રી દમીરજીયન લખે છે કે માણસો જ્યારે ગુફામાં રહેતા હતા, ત્યારે બાળકો કરતાં પહેલાં, તેમના પાર્ટનર તંદુરસ્ત છે કે નહીં તે ચકાસવા માટે કિસ મારફતે સલાઈવા (થૂંક, લાળ)નો ટેસ્ટ કરતા હતા. તેમાંથી રોમેન્ટિક કિસનો આવિર્ભાવ થયો હતો. એન્ડ્રીના કહેવા પ્રમાણે મોઢામાં 289 પ્રકારના બેક્ટેરિયાની વસ્તી છે અને એ તમામ તંદુરસ્ત નથી હોતા. એ કારણથી જ હિમાલયની કેટલીક જાતિઓ લિપલોક કિસ કરતી નથી. આફ્રિકા અને સુદાનના લોકોમાં માન્યતા છે કે મોં એ આત્માનું પ્રવેશદ્વાર છે અને હોઠથી હોઠ મિલાવીએ તો વચમાંથી યમરાજ અંદર ઘૂસી જાય!

અમેરિકાની ટેક્સાસ યુનિવર્સિટીમાં રિસર્ચ સાયન્ટિસ્ટ શેરીલ કિર્શેનબોમના પુસ્તક ‘ધ સાયન્સ ઓફ કિસિંગઃ વોટ અવર લિપ્સ આર ટેલિંગ અસ’માં એ લખે છે, ‘કિસમાં સ્વાદ, ગંધ, સ્પર્શ અને ફેરોમોન કેમિકલ દ્વારા બે વ્યક્તિ એકબીજાની અંદર ‘ઝાંખી’ને એકબીજા પ્રત્યેનો સંકલ્પ અને જીનેટિક યોગ્યતાનો તાગ મેળવે છે.’

CNN પર એક ઈન્ટરવ્યૂમાં શેરીલ કહે છે કે શરીરનાં તમામ ખુલ્લાં અંગો પૈકી હોઠ એ સૌથી વધુ કામોત્તેજક ભાગ છે. એમાં ઠસોઠસ સંવેદનશીલ સ્નાયુઓ ભરેલા છે, જે જરા અમથા સ્પર્શથી મગજને ઢગલાબદ્ધ સિગ્નલ અને માહિતી મોકલીને ‘આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ’ અથવા ‘ખબરદાર, રુક જાવ’ એ બેમાંથી એકની પસંદગી કરવામાં મગજને મદદ કરે છે.

**મનુષ્ય અને મોટા વાનરોના પૂર્વજોમાં આશરે 2 કરોડ વર્ષ પહેલાં કિસ કરવાની આદત વિકસિત થઇ હતી. એટલે જે હરકતને આજે આપણે ભાવના અને ઘનિષ્ઠતાની પ્રતિક માનીએ છીએ, તે વાસ્તવમાં આપણા અતિ પ્રાચીન અતીતનો હિસ્સો છે**

જેને ક્રેનિયલ (કપાલીય) સ્નાયુ કહે છે તેવી 12 નર્વ્સમાંથી પાંચ નર્વ્સ કિસિંગ વખતે સક્રિય થઈને મગજ, હોઠ, જીભ અને ત્વચા વચ્ચે ઈલેક્ટ્રિક ઈમ્પલ્સની આપ-લે કરે છે. એ પ્રક્રિયામાં ડોપેમાઈન નામનું કેમિકલ પેદા કરે છે. તમે દારૂ પીવો કે, કોકેઈન સ્મોક કરો કે ચોકલેટ ખાવ ત્યારે જે ‘મઝા’ પડે છે તે આ ડોપેમાઈનના કારણે. તે આનંદનું કેમિકલ ગણાય છે. જેને આપણે લત કહીએ છીએ (પછી એ કોઈપણ પ્રકારની ‘મજા’ હોય) તે આ ડોપેમાઈનના કારણે.

કિસ માણસની સૌથી પ્રાઈવેટ અને પર્સનલ વૃત્તિ છે. એમાં એ પૂરી ઈમાનદારીથી બહાર આવે છે. કિસ અભદ્ર કે શરમજનક છે તેટલા માટે નહીં, પરંતુ એમાં માણસની ઈમાનદારી એટલી તીવ્ર રીતે બહાર આવે છે કે અજાણી વ્યક્તિ એને સહી શકતી નથી એટલે એનું જાહેરમાં પ્રદર્શન થતું નથી.

ટેક્સાસ યુનિવર્સિટીના નૃવંશશાસ્ત્રી વૌઘન બ્રાયન્ટ કહે છે, ‘કિસ એ ખાલી કિસ જ નથી. એ એના આગવા વ્યાકરણવાળી એક ભાષા છે. બે વ્યક્તિ જ્યારે કિસ કરે છે ત્યારે તે કોણ છે, ક્યાંના છે, બંને વચ્ચે શું સંબંધ છે અને શું કરવા માગે છે તે બધું જ બહાર આવે છે.’

અંગ્રેજીમાં એક મુહાવરો છેઃ કિસ એન્ડ ટેલ. મતલબ કે અંતરંગ સંબંધ બાંધવો અને પછી એને જાહેર કરવો. કિસ પ્રામાણિકતાનું પ્રતિક છે. આપણે કિસ કરીએ છીએ કારણ કે આપણે કોઈને પ્રેમ કરીએ છીએ, કોઈની ઈજ્જત કરીએ છીએ, કોઈને આવકાર આપીએ છીએ અથવા કોઈને અલવિદા કરીએ છીએ. આપણા પરિવારમાં કોઈનું મૃત્યુ થાય તો એને કપાળ પર ચુંબન કરવાની પ્રથા છે. કિસ આવકાર અને અલવિદાની કહાની છે.

# વજનનો ‘વિકાસ’

બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વીશ કોઠારી

પહેલી વાર ડોક્ટર કહે કે ‘તમારું વજન વધારે છે’, ત્યારે મોટા ભાગના લોકો મૂછમાં હસીને મનોમન વિચારે છે, ‘ખબર છે. અત્યાર સુધી એના માટે તો આટલી મહેનત ને દોડાદોડ કરી છે. હવે નહીં વધે તો ક્યારે વધશે?’ આ જવાબ બોલાય નહીં તો પણ હોંશિયાર ડોક્ટરોને તે સંભળાઈ જતો હોય છે. એટલે તે કહે છે, વજન એટલે તમારા મોભાની વાત નથી કરતો, એ તો વધ્યો જ છે ને એની સાથે મારે કોઈ લેવાદેવા નથી. હું તો તમારા શારીરિક વજનની વાત કરું છું.

મોટા ભાગનાં માતાપિતાને તેમનું સંતાન ક્યારે મોટું થઈ જાય, તેની ખબર પડતી નથી. તે વિચારે છે કે હજુ હમણાં તો આપણે એને તેડીને ફરતા હતા, એકડીયું-બગડીયું શીખવાડતા હતા, સાયકલ તો હમણાં શીખવાડી, ને આ હવે પ્રેમમાં પડવાની ને પરણવાની વાત કરે છે? જેમ સંતાનો ધીમે ધીમે મોટાં થવા છતાં, તે અચાનક મોટાં થઈ ગયાં હોય એવું લાગે છે, તેમ શારીરિક વજન પણ ધીમે ધીમે વધવા છતાં, તે અચાનક વધ્યું હોય એમ લાગે છે. વજનધારકને તો એમ જ થાય છે કે હજુ તો મારા લગ્ન વખતનાં શર્ટ હું આરામથી પહેરી શકું છું. એવું કંઈ વજન વધી ગયું નથી. હા, થોડું શરીર ભરાયું છે ને ગાલ થોડા વધારે ભરાયા છે, પણ એ તો સુખની નિશાની. એને કંઈ વજન વધ્યું ન કહેવાય. આ ડૉક્ટરો તો અમથા...

ડોક્ટરો અને એલોપથી પ્રત્યેની અશ્રદ્ધા જાહેર કરીને થોડા સમય સુધી વજનવધારા પ્રત્યે આંખ આડા કાન કરી શકાય છે, પરંતુ મન કોને કહ્યું? એક વાર ડોક્ટરે ‘વહેમ ઘાલ્યો’, પછી અરીસામાં જોતી વખતે વધેલા વજનના છૂટાછવાયા પુરાવા નજરે પડવા લાગે છે. ખ્યાલ આવે છે કે શરીર ફક્ત ભરાયું નથી, ઠીક ઠીક ભરાયું છે. લગ્ન વખતે લીધેલું શર્ટ જરા ખુલતું હતું, એટલે હવે આવી રહે છે. પણ વચ્ચેનું બટન ક્યારેક આપમેળે ખુલી જાય છે. પહેલાં લાગતું હતું કે તેનો ગાજ ઢીલો થઈ ગયો હશે, પણ ડોક્ટરની ટકોર પછી સમજાય છે કે ગાજ ઢીલો નથી થયો, શર્ટ ફીટ થયું છે. પહેલાં પેટ ટેકરી જેવું હતું, તે ધીમી પણ મક્કમ ગતિએ વધીને ડુંગરા જેવું થયું છે અને ડોક્ટરને ચિંતા છે કે તે પહાડ જેવું ન થઈ જાય.

ડોક્ટરો ખોટેખોટું ભડકાવે છે, એવું આશ્વાસન ઘણા દિવસો સુધી લીધા પછી પણ, બધી વખત મન માનતું નથી. ક્યારેક અંતરાત્માનો અવાજ આવે છે કે ‘હે જીવ, ક્યાં સુધી તું જાતને છેતર્યા કરીશ? અત્યાર લગી તે વધતા વજનની સતત અવગણના કરી છે, પણ તારું પેટ હવે પોકારી પોકારીને કહે છે કે મને વધતું રોકો, મને અટકાવો.’ સંદર્ભ ભલે જુદો હોય, પણ ‘જેને કોઈ ન પહોંચે, તેને તેનું પેટ પહોંચે’-એ વાત વજનવધારાની બાબતમાં પણ સાચી પુરવાર થાય છે. અત્યાર લગી કુટુંબીજનો, હિતેચ્છુઓ, ડોક્ટરો અને સ્વઘોષિત આરોગ્યનિષ્ણાતો સહિતના લોકોના ટોકવા છતાં ન ગાંઠતો માણસ, છેવટે વધતા પેટમાંથી ઉઠતા અવાજ ભણી ધ્યાન આપવા પ્રેરાય છે. તેને થાય છે કે બીજી ચર્ચા જવા દઈએ તો પણ, પેટ અને વજન વધ્યાં છે એ તો હકીકત છે.

આટલો સ્વીકાર આવ્યા પછી પણ રસ્તો સહેલો નથી. ઘણા લોકોના મનમાં તો આ સ્વીકાર તે વ્યાપક નકારનો હિસ્સો હોય છે. કેમ કે, તે વિચારે છે, ‘જેમ સારો કોલેસ્ટેરોલ અને ખરાબ કોલેસ્ટેરોલ હોય છે, તેમ સારું વધેલું પેટ અને ખરાબ વધેલું પેટ પણ નહીં હોય?’ પછી ડોક્ટર હળવાશથી સમજાવે છે કે સગર્ભા સ્ત્રીઓ સિવાયના કિસ્સામાં બીજી સંભાવના જ લાગુ પડે છે. એટલે હવે પેટ તમને અટકાવી દે, એ પહેલાં તમે પેટને



આગળ વધતું અટકાવો. આરોગ્યને હળવાશથી લેનારા વિચારે છે,‘એમાં શી ધાડ મારવાની છે?’ અત્યાર સુધી જેટલી સહજતાથી તે વધ્યું, એટલી જ સહેલાઈથી તેને ઉતારી દઈશું. પણ ટ્રેકિંગ કરનારા લોકો જાણે છે કે સલામત રીતે ચડવા કરતાં સલામત રીતે ઉતરવાનું વધારે અઘરું નીવડી શકે છે. એવું જ પેટના મામલે થાય છે. તે વધતાં વધી તો જાય છે, પણ તેને ઉતારવાનું ભારે કામ છે. જેમ સંતાનપ્રાપ્તિ માટે, તેમ પેટ ઉતારવા માટે પણ લોકો ‘પથ્થર એટલા પૂજે દેવ’ કરે છે, કંઈક પાઉડરો ને પ્રવાહીઓ અજમાવે છે, અવનવા ટુચકા કરે છે ને ઓસડિયાં ખાય છે. વ્યાવસાયિક ચાલતાં કસરતાલયો (જીમ)ના સભ્ય બને છે.આ બધું તે એટલા માટે કરે છે, જેથી ડોક્ટરે જે કહ્યું છે તે કરવું ન પડે. ડોક્ટરો ખાવાપીવા પર ખાસ્સો અંકુશ મુકવાની અને નિયમિત કસરત કરવાની વાત કરે છે.

સામાન્ય માણસની ભાવના બને ત્યાં સુધી એવી હોય કે આવું કશું કર્યા વિના, થોડું આમતેમ કરવાથી, કસરત-બસરત કરવાથી કે જિમમાં જવાથી કે અમુક પાઉડરો પીવાથી વજન કાબૂમાં આવી જતું હોય તો પહેલાં એ પ્રયત્ન કરી જોવો જોઈએ. તેમાં ખાસ્સો સમય વીતે છે, પણ ધાર્યું પરિણામ મળતું નથી. બધી બાજુથી હાર્યા પછી તે ફરી એક વાર ડોક્ટરને મળે છે અને પહેલી વાર તેમણે શું કહ્યું હતું તે, આ વખતે અમલ કરવાના પવિત્ર ઈરાદા સાથે, સાંભળે છે.

**ક્યારેક અંતરાત્માનો અવાજ આવે છે કે ‘હે જીવ, ક્યાં સુધી તું જાતને છેતર્યા કરીશ? અત્યાર લગી તે વધતા વજનની સતત અવગણના કરી છે, પણ તારું પેટ હવે પોકારી પોકારીને કહે છે કે મને વધતું રોકો, મને અટકાવો.’ સંદર્ભ ભલે જુદો હોય, પણ ‘જેને કોઈ ન પહોંચે, તેને તેનું પેટ પહોંચે’–એ વાત વજનવધારાની બાબતમાં પણ સાચી પુરવાર થાય છે**

પણ એ તો હિમાલય ચઢવા માટે ઘરેથી ટ્રેનમાં બેસવા જેવું પહેલું પગથીયું હોય છે.

(આવતા સપ્તાહેઃ વજન સામે વિપ્લવ)

## ઈશિતાનું અલકમલક

### નોખા શબ્દોની આગવી સ્પર્ધા

દર વર્ષે સિનેરસિકો ‘ઓસ્કર’ કે ‘ફિલ્મફેર’ અવોર્ડસ કે સાહિત્યપ્રેમીઓ ‘બુકર’ પ્રાઈસની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે તેમ દેશ-વિદેશના ભાષાપ્રેમીઓ પણ અંગ્રેજીની જાણીતી ડિક્શનરીઓ દ્વારા પસંદગી પામતા ‘વર્ડ ઓફ ધ યર’ શબ્દની ઉત્કંઠાભેર પ્રતીક્ષા કરે છે. આ વર્ષના આવા અંગ્રેજી શબ્દની વરણી ‘કેમ્બ્રિજ’ ડિક્શનરી’ દ્વારા ગયા પખવાડિયે જ થઈ છે અને એ શબ્દ છે ‘પેરાસોશ્યલ’. આમ તો આવો શબ્દ કંઈ રાતોરાત શોધાતો નથી. એ સાવ નવો પણ નથી હોતો. દર વર્ષે સમકાલીન-સાંપ્રત ઘટનાઓને ધ્યાનમાં રાખીને કેટલીક ખ્યાતનામ અંગ્રેજી ડિક્શનરી ‘વર્ડ ઓફ ધ યર’ તરીકે એક વિશેષ શબ્દ પર પસંદગી ઉતારે છે. ‘સાધુ તો ચલતા ભલા’ એવી આપણી જાણીતી ઉક્તિ જેવું જ આપણા બોલાતાં- લખાતાં શબ્દ-લિપિનું છે. ખાબોચિયાનું બંધિયાર પાણી ગંધાય એ જ રીતે કોઈની પણ ભાષાના લખાણ કે બોલવાના શબ્દો સીમિત થઈ જાય તો લાંબાં ગાળે એ ભાષા મૃતપ્રાય બને છે , જેમ કે આપણી સંસ્કૃત ભાષા. માટે કોઈ પણ ભાષા-લિપિને જીવંત રાખવા એમાં પણ વિવિધતા લાવવી પડે. પલટાતા યુગ-સમયની સાથે એ ભાષામાં નવા નવા શબ્દ ઉમેરવા પડે . 2024માં તો ‘કેબ્રિજ’ ડિક્શનરી’ એ 6000 થી વધુ નવા શબ્દ એની ડિક્શનરીમાં ઉમેરીને એક વિક્રમ કર્યો હતો તો ‘ઓક્સફર્ડ યુનિવર્સિટી’ પાસે એની શબ્દકોષ-ડિક્શનરી માટે અત્યારે 19 અબજથી




કોઈ કલ્પિત પાત્ર હોય કે સ્મૃતિ મંધાના જેવી સેલિબ્રિટી ક્રિકેટર, એની સાથે એકતરફી ચાહત એટલે ‘પેરાસોશ્યલ’

વધુ શબ્દભંડોળ છે, જેમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. આવાં શબ્દભંડોળમાંથી જે-તે વર્ષે વધુ ચલણમાં આવેલા ચુનંદા શબ્દોમાંથી એકને ‘વર્ડ ઓફ ધ યર’ તરીકે પસંદ થાય છે. આજના ડિજિટલ યુગમાં ઓનલાઈન ન્યૂઝ-વ્યૂઝનું વાંચન વધ્યું છે. પરિણામે છેલ્લાં બે-ત્રણ વર્ષથી હવે ‘ઓક્સફર્ડ‘ કે ‘કેમ્બ્રિજ’ ડિક્શનરીની સાથોસાથ અન્ય ઓનલાઈન ડિક્શનરીવાળા વિભિન્ન નવા શબ્દો વાચક સમક્ષ મૂકે છે. પરિણામે આજકાલ આ રીતે અનેક શબ્દ વચ્ચે ‘વર્ડ ઓફ ધ યર’ માટે રસપ્રદ સ્પર્ધા થાય છે. હવે આ વર્ષ-2025ના ‘વર્ડ ઓફ ધ યર’ તરીકે ‘કેમ્બ્રિજ’ ડિક્શનરી દ્વારા ‘પેરાસોશ્યલ’ની વરણી થઈ. આ શબ્દનો અર્થ છે : કોઈ પણ જાણીતી વ્યક્તિ- સેલિબ્રિટીથી તમે અંજાઈ જાવ - એના ચાહક બની જાવ પણ પેલી વ્યક્તિ તમને ઓળખતી સુદ્ધાં ન હોય. આવા વ્યક્તિગત એકતરફી સંબંધ ‘પેરાસોશ્યલ રિલેશનશિપ’ તરીકે ઓળખાય છે! એક ઉદાહરણ લઈએ. જેમ કે, મહિલા ક્રિકટ ટીમની રેકોર્ડબ્રેકર એવી ફૂટડી ખેલાડી સ્મૃતિ મંધાનાને તમને ટીવી પર રમતી જોવી બહુ ગમે છે. સ્મૃતિ વિશે બધું જ વાંચવું-જોવું ગમે છે. ટૂંકમાં તમે એની છટા-અદા પર બધી રીતે ફિદા છો, પણ સ્મૃતિ તો તમને જરા પણ ઓળખતી નથી. આવા સંબંધ ‘પેરાસોશ્યલ’ કહેવાય! અમુક સેલિબ્રેટીસથી લઈને કોઈ વાર્તાના કલ્પિત પાત્ર કે AI ચેટબોટસ સુદ્ધાં સાથે આવા એકતરફી સંબંધની વાત વિશ્વભરનાં સોશ્યલ મીડિયા પર 2024 -25 દરમિયાન સૌથી વધુ છવાઈ ગઈ માટે ‘પેરાસોશ્યલ’ શબ્દ -વિશેષણની ‘વર્ડ ઓફ ધ યર’ તરીકે વરણી થઈ છે. ‘પેરાસોશ્યલ’ની વરણી પછીના પખવાડિયામાં ‘ઓક્સફર્ડ ડિક્શનરી’ એ પણ એની તરફથી 2025ના ‘વર્ડ ઓફ ધ યર’ તરીકે એક શબ્દ પસંદ કર્યો છે અને એ છે : ‘રેજ બેટ’ (Rage bait) અર્થાત ગુસ્સો ચઢે -આક્રોશ જાગે- ઉશ્કેરે એવું લખાણ -તસવીર કે વીડિયો ક્લિપ જાણી જોઈને કોઈ વાચક સમક્ષ લઈ આવે તેવી ચેષ્ટા. ઈન્ટરનેટ અને સોશ્યલ મીડિયાના જમાનામાં આવાં ‘રેજ બેટ’ આપણને ડગલે ને પગલે જોવાં મળે છે. ખાસ કરીને રાજકીય પ્રતિસ્પર્ધીઓ વચ્ચે આવી હરકત અવારનવાર થતી રહે છે માટે આવા સંજોગોમાં ‘કીપ કુલ’ મગજને ઠંડું રાખો!

### યુવકમાંથી મોહક યુવતી બનવાનો ટ્રેન્ડ

આપણી આસપાસ ક્યારેક ચમત્કાર સર્જાતા રહે છે. જગતના સુપ્રીમ સંચાલક એવા ઈશ્વરની આ ગત એવી ન્યારી છે કે સામાન્ય આદમીથી લઈને સાયન્સના અભ્યાસુ સુદ્ધાં એનાં રહસ્ય છતાં કરવામાં નિષ્ફળ જાય છે. થોડા દિવસ પહેલાં ‘ઈશિતા’એ અહીં એક ઘટનાની વાત કરી હતી (જન્મે છોકરી ને પછી બની જાય છોકરો! - 30 નવેમ્બર - 25) અમેરિકાના ડોમિનિક રિપબ્લિકના સોલિનાસ ટાઉનમાં વર્ષોથી એક વિચિત્ર ઘટના બનતી રહે છે. અહીં જેટલી પણ છોકરી જન્મે એ 12 -13 વર્ષની થવા લાગે પછી એમાં છોકરા જેવા શારીરિક-માનસિક ફેરફાર થવા લાગે અને સમય જતાં એ છોકરી યુવા છોકરામાં પલટાઈ જાય અને એ પણ લિંગ પરિવર્તન કોઈ



ઓપરેશન વિના! આવા લિંગ પરિવર્તનનું ચોક્કસ કારણ જાણવા નથી મળ્યું પણ અમુક વૈજ્ઞાનિક સંશોધન મુજબ આ શાપિત ગણાતા ટાઉનમાં જન્મતા શિશુમાં ‘સ્યુડોમોફ્રો ડિટિઝમ’ નામની એક જિનેટિક ખામી હોય છે એના કારણે અહીં જન્મતી બાળકીમાં પુરુષ અંગોનો વિકાસ ઝડપથી થાય છે અને એ ક્રમશઃ આખરે પુરુષ તરીકે બહાર આવે છે! આવો જ લિંગ પરિવર્તનની ક્રમબદ્ધ ઘટનાઓ આપણે ત્યાં છત્તીસગઢમાં પણ બની રહી છે. જોકે એ કોઈ ચમત્કાર રૂપે નહીં, પણ રીતસર તબીબી વિજ્ઞાનની મદદથી થઈ રહી છે. આજે જેન્ડર ચેન્જની વાતનો કોઈને હવે છોછ રહ્યો નથી. સમાજ એને એક અનિવાર્ય ઘટનારૂપે સહજતાથી સ્વીકારી રહ્યો હોવાથી છત્તીસગઢ આજે દેશનું જાણીતું ‘સેક્સ ચેન્જ સેન્ટર’ બની ગયું છે. અહીં બીજાં રાજ્યોમાંથી દર મહિને 4થી 5 યુવાન આવીને લિંગ પરિવર્તનના ઓપરેશન દ્વારા ફૂટડી યુવતી બની રહ્યા છે! એક અહેવાલ મુજબ અહીં છેલ્લાં ત્રણેક વર્ષમાં 100થી વધુ જેન્ડર ચેન્જનાં ઓપરેશન થયાં એમાંથી 85 % છોકરામાંથી છોકરી બન્યાં! અહીં માત્ર લિંગ પરિવર્તન જ નથી થતું પરંતુ પુરુષની છાતી-કુલ્લાથી માડીને સ્ત્રી જેવાં સ્તન-નિતંબ અને અવાજ સુદ્ધાંની સંપૂર્ણ કાયાપલટ થાય છે!

### ઈશિતાનું ઈત્યાદિ ઈત્યાદિ

» કોઈ પણ 56 ઈંચની છાતી ધરાવતા પુરુષ પણ હૃદયના ધબકારા ચૂકી જાય એવા આંકડા સામે આવ્યા છે. ‘નેશનલ ક્રાઈમ ડેટા રિપોર્ટ’ અનુસાર પાંચ રાજ્ય ઉત્તર પ્રદેશ - બિહાર - રાજસ્થાન - મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં છેલ્લાં પાંચ વર્ષમાં 785 પતિની હત્યા થઈ છે અને એમની હત્યા કરનારી છે ખુદ એમની જ ધર્મપત્નીઓ!

-----------------------

» સામાન્ય માન્યતા એવી છે કે સરકારશ્રી હંમેશાં નફો થતા પ્રોજેક્ટમાં ય નુકસાની વહોરે છે પણ તાજેતરમાં એ માન્યતા ખોટી ઠરી છે. વિવિધ વિભાગની ‘સ્વછતા ઝુંબેશ’ દ્વારા એક મહિનામાં એકઠા કરેલા ભંગારને વેચીને સરકારશ્રીએ રૂપિયા 800 કરોડની અધધધ કમાણી કરી છે, જેમાંથી 7 ‘વંદે ભારત’ ટ્રેન ખરીદી શકાય!

**નસીબ...**
**ત્રણ અક્ષરના આ શબ્દનો ઉપયોગ માણસ મોટાભાગે પોતાની જાતને છેતરવા જ કરતો હોય છે!**